ગોમ્બત સંગત

દરેક દીકરાને મા-બાપની, પરિવારની ચિંતા હોય જ છે

વશરામ બાપા ગુસ્સામાં બેઠા હતા અને એ જ વખતે સોમેશ્વર આવ્યો એને આ બધા સોમો જ કહેતા, આટલું સરસ નામ અને ગામના બધા સોમો જ કહે... મુળજી માસ્તર કહે પણ ખરા કે એટલું સરસ શંકર ભગવાનનું નામ છે અને તમે બધાએ બગાડી નાખ્યું... સોમા ને જોઈ વશરામ બાપા તો તાડૂક્યા કે આ તારો ભાઈબંધ ઘનો હજી આવ્યો નહીં,(એનું સાચું પૂરું નામ ઘનશ્યામ) એ નપાવટ નું તું હંમેશા ઉપરાણું તાણે છે પણ જો એના લખણ ઈ નો સુધરે... સોમો કહે બાપા શુ કામ એને વગોવો છો..તમને ખબર છે એ ક્યાં છે? શું કરવા ગયો છે? સાચું કહેજો તમે કોઈ દિવસ જાણવા પ્રયત્ન કર્યો છે? એ શું ભણે છે? કેવી રીતે ભણે છે? બસ જ્યારે જુઓ ત્યારે એની પાછળ જ પડયા હોવ છો, રખડેલ છે, ઘરમાં ટાંટિયો ટકતો જ નથી... એ કાંઈ બોલવા જાય તો તમે કહી દો કે તારે કાંઈ બોલવાની જૂર નથી... મને તારી બધી ખબર પડે છે.. અરે એ તો ઠીક પણ એક દિવસ મુળજી માસ્તર તમને કહેવા આવ્યા કે તમારા ઘનશ્યામે તો કમાલ કરી... ... નામ રોશન કર્યું અને તમે એને બોલવા જ ન દીધો...તમે તાડૂક્યા શું ધમાલ કરી? કોના પર રંગ નાખ્યો? એ છે જ એવો નપાવટ, એ કહેતા હતા કે તમારા ઘનશ્યામે ભણવામાં માર્ક લાવવામાં કમાલ કરી, આખા વિસ્તારમાં અવ્વલ આવી રંગ રાખ્યો.. તમને તો એમ છે કે એ રખડી ખાય છે... એ કાંઈ બોલતો નથી એટલે? હવે તમે કહો છો કે "શહેર માં બે નંબરના આડા અવળા ધંધા કરતો હશે અને અહીંથી એની બહેન જોઈતીને ઘરકામ કરવા રાંધી ખવડાવવા શહેર લઇ ગયો. "તમને જરાય વિચાર નથી આવતો? તમને પહેલેથી જ એના માટે પૂર્વગ્રહ છે.. આ તમારી પગ રીક્ષા ઓલો કાનો લઇ ગયો એમાં તો તમે જાણ્યા વગર કે કોઈને પૂછ્યા વગર ગામ માથે લીધું.. તમે બપોરે સૂઈને ઉઠ્યા પછી આંગણામાં નવી નકકોર જેવી થઈને ઉભી હતી ત્યારે તમે કીધું કે આ મારી નથી...કાનો કહે કે મેં રીપેર કરી તમારા દીકરા ના કહેવાથી... તોય તમે માનવા તૈયાર નહોતા... આજે તો હું તમને સાચી વાત કહીને જ રહીશ..., વશરામ બાપા સોમેશ્વરની સામે જોઈ જ રહ્યા... સોમા ના ચહેરા પર એ ગુસ્સો અને લાગણી જોઈ શકતા હતા... એમણે બોલવાનું બંધ કર્યું એ બેય એક બીજાની સામે જોયા કરતા હતા... એ સમયે જીવી બા ત્યાં આવીને બેઠા... સોમા એ કહ્યુકે જીવી બા સારું થયું તમે આવીને બેઠા... આજે તમે પણ સાંભળો કારણ કે તમે હંમેશા ઘનશ્યામ એટલે કે તમારા ઘનાને બાપાની આંખે જ જોયો છે... વશરામ બાપા કહે એ સાચું... પણ મારા ભાઇબંધની વેદના હું જાણું છું... સાંભળો.. એમ કહી એણે વાત માંડી...

આ ઘનો જન્મ્યો ત્યારે તમે રાજી તો થયેલા પણ વિચાર એ આવતો હતો કે આવક તો એવી છે નહીં... આ પગરિક્ષા બસ સ્ટેન્ડે કે રેલવે સ્ટેશને લઈને ઉભા રહો અને જે કમાણી થાય એમાં દિવસના રોટલા પાણી નીકળે.. બીજી બચત શું? એના જન્મ પછી જીવીબા એ બીજાના ઘરના કામ વાસીદા કરવાનું શરુ કર્યું જે થોડા પૈસા મળે એમાંથી ઘનાનું કાંઈક થાય... ઘનો એટલે આમ તો ભગવાનનો અવતાર કહેવાય.. એ બહુ નાની ઉંમરે સમજણો થઇ ગયો હતો... એ એના દિલની બધી વાત મને કરતો હતો...આજેય કરે છે.. અમે સાથે ભણવા જતા એ સમયે નાનો હતો તોય કહેતો કે સોમા મારા માં બાપ કેવા મજૂરી કરે છે? મારી માં સાવ રાંક છે.. બાપા ની હાજરીમાં એક કોરે બેઠી હોય બાપા એની સામે જોવે ત્યાં ઉભી થઇ જાય અને કહે કાંઈ જોઈએ છે? હું જોયા કરી કે બાપા મારી માં ને ધમકાવ્યા કરતા હોય મેં ક્યારેય પ્રેમના બે વેણ કહેતા સાંભળ્યા નથી..., જોકે એ પણ પગ રીક્ષા ખેંચી થાકી જતા હોય છે... એ ત્યાં બસ સ્ટેન્ડે ઉભા હોય રીક્ષા માટે પેસેન્જર ન મળે ત્યાં સુધી લોકોના સામાન ઉપાડવાની મજૂરી કરતા હોય ,મને એમ થાય કે હું જન્મ્યો એમાં મારા માં બાપની માથે જવાબદારી વધી ગઈ... બાપા સાંજે થાકીને આવે અને માં ખાવાનું આપે એટલે ખાતા હોય જે આપ્યું હોય એ .. મારી આંખમાં આંસુડાં આવી જાય... મને એમ થાય કે હું જલ્દી મોટો થાઉં અને કમાવા માંડું અને મારા માં બાપને આરામ આપું.. સોમો બોલ્યા કરતો હતો અને વશરામ બાપા અને જીવી બા સાંભળ્યા કરતા હતા... સોમા એ આગળ ચલાવ્યું... બાપા તમને ખબર છે... એ થોડો મોટો થયો..પછી બપોરે સ્કૂલેથી આવી જે કાંઈ ખાવાનું હોય એ થોડું ખાઈ ઘરમાંથી નીકળી જાતો... તમે કહેતા કે સાવ રખડેલ થઇ ગયો છે... ઘરમાં ટાંટિયો ટકતો જ નથી... તમને ખબર છે ? એ ક્યાં જાતો હતો? એ રમવા રખડવા નહોતો જાતો.. એ રેલવે સ્ટેશને મજૂરી કરવા જાતો હતો... પાર્સલ ઓફિસ ના મુકાદમ ને એણે વિનંતી કરી હતી અને એ દયાળુ માણસે અને કામે રાખ્યો હતો... એ મહિને પૈસા આપી દેતો.. એ ભણ્યો ત્યારે તમે કોઈ દિવસ એની ફી ભરી છે? એના નોટ ચોપડા ખરીદ્યા છે? ના ... એ બધો ખર્ચ એની મજૂરીમાંથી કાઢતો હતો... એ મુકાદમ ઘનાની ફી ભરી આવતો હતો.... તમને કોઈ તકલીફ નથી પડવા દીધી...એ ક્યારેક પૈસા બચાવી ઘરના અનાજ શાકભાજી લાવી ચૂપચાપ ઘરમાં મૂકી દેતો.. બા પૂછતાં તો કહી દેતો હું લાવ્યો.. ક્યાંથી કેવી રીતે એ નહીં પૂછતાં, મેં ચોરી નથી કરી , બા તમને યાદ છે ને? એ પછી તમારી દીકરી ,એની બહેન જોઈતી જન્મી ત્યારે એ આમ તો રાજી થઇ ગયો કે મને બહેન મળી પણ પછી દુ:ખી પણ એટલો થયો કે આના માટે મારા માં બાપુ ને તકલીફ હજી વેઠવી પડશે.. એ ઘનો એની બહેન ને સાચવતો... એને રમાડવા લઈ જતો... રમકડાં લાવી આપતો અને બહેનને સમજણ પણ આપતો, એટલે જ તો જોઈતી નાની ઉંમરમાં તમને ઘરકામમાં મદદ કરતી થઇ ગઈ... તમે તો એને ભણાવવા માંગતા નહોતા પણ ઘનો એને ભણાવતો.. મજૂરી કરી એ એની ફી ભરતો... એ વિચારતો કે મારી બહેન ભણે તો એનું જીવન સારું જાય....

વશરામ બાપા અને જીવી બા સાંભળી જ રહ્યા હતા... સોમો આગળ બોલ્યો કે તમને ખબર હતી ? ઘનો હંમેશા પહેલા નંબરે પાસ થાતો? એ સવારે ભણતો.. બપોરે મજૂરી કરતો... સાંજે બહેન ને રમવા લઇ જતો.. તો ભણતો ક્યારે? તો તમને કહી દઉં કે રાત્રે બહેન સુઈ જાય પછી ભણતો હતો... બાપા તમે ક્યારેય એની સાથે પ્રેમથી વાત નથી કરી... અરે વાત જ નથી કરી... હંમેશા નપાવટ , વંઠેલ , રખડેલ, ઉઠીયાણ જ કહ્યો છે... એ આગળ ભણવા રોજ પાંચ વાગે ઉઠી શહેર ચાલ્યો જતો હતો... ત્યાં ભણતો... જે મળે એ ખાતો અને બપોરે મજૂરી કે બીજા કામ કરતો.. એની કોલેજ ફી કપડાં વગેરે ખર્ચ એ મહેનતમાંથી કરતો હતો... એની બહેન માટે પણ કાંઈક ને કાંઈક લાવતો..હું એની એકે એક વાત થી માહિતગાર રહેતો... એને બહેન ને ભણાવવી હતી.. એ ગ્રેજ્યુએટ થયો અને તમને મેડલ બતાવ્યો તોય તમે એને ધમકાવ્યો અને કહ્યું કે મને મૂર્ખ ન બનાવ.. હાલતો થા... તમને ખ્યાલ આવ્યો ક્યારેય કે ઘરમાં બા પાસે પૈસા ક્યાંથી આવતા? તમે તો એક જ વાત કહેતા કે આડા અવળા ધંધા કરતો હશે.. બે નંબરના.. બાકી આટલા પૈસા કોણ આપે?એ કહેતો કે હું ભણવા સાથે નોકરી કરું છું , તમે માનતા જ નહોતા...એને સામેથી સારી નોકરીની તક મળી, ઈ કંપની વાળા કોલેજમાં આવી એને નોકરીએ રાખી લીધો... એ પછી એણે પહેલું કામ એની બહેન ને શહેર લઇ જવાનું કર્યું... તમે બહુ વિરોધ કર્યો કારણ તમને એમ હતું કે આ દીકરીને આડા રવાડે ચડાવી.. એનું જીવન બગાડશે પણ એ લઇ ગયેલ બહેન ને ભણાવવા... એ ફૂલાળી તો હતી જ સારા કપડાં પહેરે તો સારી લાગે જ... એને તમારા ઘના એ ભણાવી અને શહેરની છોકરીઓ ને ટક્કર મારે એવી બનાવી દીધી....

ઘના નું એક સપનું છે કે મારા માં બાપ ને આરામ આપવો... આ ઝુંપડા માંથી સારા ઘરમાં રાખવા અને સારા કપડાં અને ખાવા પીવાનું અપાવવું પછી મારી બહેન ને સારા ઘરમાં પરણાવવી.. તમે આ સમજ્યા જ નથી... બાપા એણે તમને કહેલું ને કે હું તમને લેવા આવીશ... કંઈક સરસ સમાચાર આપીશ.. જીવનની શાંતિ આપીશ, એ એના માટે જ આવવાનો છે...તમને લઇ જશે...હું પણ આવીશ...

આ વાત ચાલતી હતી અને એક કાર આવીને ઉભી રહી... ઘનશ્યામ એટલે કે ઘનો ઉતર્યો અને એની સાથે એક સુંદર ફૂલાળી કન્યા ઉતરી , ઉતરી ને તરત વશરામ બાપા અને જીવી બા ને ચરણ સ્પર્શ કર્યા... વશરામ બાપા કહે જો સોમા આ કોઈ શહેરની છોડી ને લઈને આવ્યો.... લગન કરીને આવ્યો છે ને? આ સરસ સમાચાર આપવાના હતા ને? મેં કીધું ને એ નપાવટ છે... સોમેશ્વર કહે ધીરજ રાખો તૂટી ન પડો , ધ્યાનથી જુવો આ કન્યા કોણ છે... આ તમારી જ દીકરી છે...જ્યોતિ... તમારી જોઈતી... જેને તમારા દીકરાએ ભણાવી ગણાવી આ બનાવી...

ઘનો કાંઈ ન બોલ્યો.. આવીને માં બાપના ચરણસ્પર્શ કર્યા અને કહ્યું કે લ્યો આ કપડાં તમે લેંઘો ઝભો પહેરી લ્યો અને બા તમે આ સાડી પહેરી લ્યો અને આ કારમાં બેસી જાવ..., એ લોકોએ એમ કર્યું... સોમો આગળ એની બાજુમાં બેઠો અને જ્યોતિ એના માં બાપ સાથે પાછળ બેઠી... થોડી વારમાં ગામ છોડી શહેરના સીમાડે આવેલી એક સોસાયટીમાં આવ્યા.... એક ઘરમાં ઘણો લઇ ગયો... એણે માં બાપને ખુરશીમાં બેસાડી સાષ્ટાંગ વંદન કર્યા અને આંખમાં આંસુ સાથે કહ્યું કે હવે આ ઘર તમારું... આપણે અહીં રહેશું... મારી ઇચ્છા. મારી તપશ્ચર્યા અહીં પુરી થઇ... બસ હવે તમે મોજણી શાંતિની જિંદગી જીવો... વશરામ બાપા દીકરાને ભેટી ધ્રુસકે ચડી ગયા... સોમા એ માંડ શાંત પાડયા , બાપા બોલ્યા સોમા તે આજે અમારી આંખો ખોલી નપાવટ તો હું હતો... મારા દીકરાને એની લાગણીને ઓળખી , સમજી ના શક્યો.. એને કોપતો જ રહ્યો... દીકરા આવા પણ હોય છે...

હરેશ ભટ્ટ

સંવેદના

ગોમ્બત બાળસંગત

શિયાળ અને ખાટી દ્રાક્ષ

એક મોટું અને ગાઢ જંગલ હતું. ઉનાળાનો દિવસ હતો અને બપોરનો સમય હોવાથી સૂરજ તપી રહ્યો હતો. એક શિયાળ ખોરાકની શોધમાં આમ-તેમ ભટકી રહ્યું હતું. તેને ખૂબ જ ભૂખ અને તરસ લાગી હતી.

ચાલતા-ચાલતા તે જંગલની બહાર એક ખેતર પાસે આવી પહોંચ્યું. ત્યાં તેણે એક સુંદર દ્રાક્ષનો માંડવો જોયો. માંડવા પર દ્રાક્ષની મોટી-મોટી અને પાકેલી લૂમો લટકી રહી હતી. દ્રાક્ષ જોઈને શિયાળના મોઢામાં પાણી આવી ગયું!

શિયાળે વિચાર્યું, "વાહ! આજે તો નસીબ ખૂલી ગયા. આ મીઠી દ્રાક્ષ ખાવા મળે તો ભૂખ અને તરસ બંને મટી જાય."

શિયાળનો પ્રયત્ન

દ્રાક્ષનો માંડવો થોડો ઊંચો હતો. શિયાળે દ્રાક્ષ સુધી પહોંચવા માટે એક જોરદાર કુદકો માર્યો, પણ અફસોસ! તે દ્રાક્ષ સુધી પહોંચી શક્યું નહીં.

તેણે ફરીથી પ્રયત્ન કર્યો. થોડે દૂર જઈને દોડીને આવીને મોટો કુદકો માર્યો, પણ આ વખતે પણ તે નિષ્ફળ રહ્યું. શિયાળ થાકી ગયું હતું, પણ લાલચ તેને રોકવા દેતી નહોતી. તેણે વારંવાર કુદકા માર્યા, પણ દ્રાક્ષ તેના હાથમાં (કે મોઢામાં) આવી જ નહીં.

છેવટે હાર માની

જ્યારે શિયાળ સાવ થાકીને લોથપોથ થઈ ગયું અને તેને સમજાઈ ગયું કે તે ગમે તેટલા પ્રયત્ન કરશે તો પણ દ્રાક્ષ સુધી પહોંચી શકશે નહીં, ત્યારે તેણે પોતાની હાર છુપાવવા માટે રસ્તો શોધ્યો.

પોતાનું મોઢું બગાડીને, જતાં-જતાં તે મોટેથી બોલ્યું:

"જવા દોને ભાઈ, આ દ્રાક્ષ તો ખાટી છે! આવી ખાટી દ્રાક્ષ ખાઈને કોણ બીમાર પડે?"

આમ કહીને શિયાળ પોતાની આબરૂ બચાવવા ત્યાંથી ચાલતું થયું.

વાર્તામાંથી શીખ:-

ઘણીવાર જ્યારે લોકો પોતાની નબળાઈને કારણે કોઈ વસ્તુ મેળવી શકતા નથી, ત્યારે તેઓ તે વસ્તુમાં જ ખામી કાઢવા લાગે છે. અંગ્રેજીમાં આના માટે એક કહેવત છે.

(ખાટી દ્રાક્ષ).

બાળવાર્તા

કાળચક્ર

એચ. એન. ગોલીબાર

(પ્રકરણ : ૬)

'...એ પ્રેત ચોકક્સ પાછું આવશે અને એણે આપણામાંથી જેને-જેને પસંદ કર્યા હશે, એ બધાંને એ પોતાની સાથે ઊઠાવીને લઈ જશે !' બસમાં રહેલાં બધાં પર ભયભરી નજર ફેરવતાં લવલીએ ડુમાયેલા અવાજે કહ્યું, એટલે બસમાં સન્નાટો છવાઈ ગયો. નેહા, શિલ્પા, નતાશા અને સ્મિતાનાં મોતિયાં મરી ગયાં. યશ, મનજીત, અખિલ, તેજસ અને મિલિન્દ ગભરાઈ ઊઠયાં. રોમિત અને કરનની હાલત પણ કફોડી હતી, તો ઈરફાન, જેકબ અને અનૂજ પરાણે હિંમત જાળવી રહ્યા હતા.

'બધાં હિંમત રાખો.' સન્નાટાને ચીરતાં લવલી બોલી : 'કોઈ ડરશો નહિ.'

'તું...તું વાત ડરી જવા જેવી કરે છે અને પાછી કહે છે કે, ડરશો નહિ !' નતાશા બોલી ઊઠી.

'...એ પ્રેતનો શિકાર બની ગયેલા પેલા યુવાને મને કહ્યું કે, એ પ્રેતને ડરની વાસ આવે છે.' લવલીએ પરાણે મનથી ડરને દૂર રાખવાનો પ્રયત્ન કરતાં કહ્યું : '...ડરી ગયેલી વ્યક્તિ તુરત જ તેનાં ધ્યાનમાં આવી જાય છે. એવી વ્યક્તિને એ પોતાની સાથે લઈ જાય છે, અને ખાય છે. આજે...' લવલીએ અવાજમાંની ભયની કંપારી ખાળતાં કહ્યું : '...આજે છેલ્લી રાત છે ! એ પ્રેત આપણને જોઈ ગયું છે ! એ પ્રેત જરૂર પાછું આવશે !!'

બધાં લવલી સામે જોઈ રહ્યા. અમુકના હૃદય જાણે ધબકતા બંધ થઈ ગયા હતા, તો અમુકના હૃદયના ધબકારા વધી ગયા હતા.

'હેલ્લો !' ઈરફાનનો અવાજ શાંત વાતવરણમાં ગુંજ્યો, એટલે બધાંનું ધ્યાન ઈરફાન તરફ ખેંચાયું. ઈરફાન મોબાઈલ ફોન પર હાઈવે પોલીસનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો : 'હેલ્લો ! હું મુંબઈ-ખંડાલા હાઈવેની અંદર આવેલા રસ્તા પરથી બોલી રહ્યો છું.' ઈરફાન મોબાઈલમાં મોટેથી બોલી રહ્યો હતો : 'તમને સાંભળાય છે, મારો અવાજ ? ! અમે ખૂબ જ મોટી મુસીબતમાં મુકાયા છીએ. અમારી મદદ કરો, પ્લીઝ !'

પણ મોબાઈલમાં સામેથી કોઈ અવાજ-જવાબ સંભળાતો નહોતો.

ooo

થોડાંક કલાક પહેલાં જ એ પ્રેતનો શિકાર બની ગયેલા નંદુના પિતા ઓમકાર અને એનો મોટો ભાઈ ચંદર અત્યારે ટાટા મોબાઈલમાં આગળ વધી રહ્યા હતા. ચંદર ડ્રાઈવિંગ સીટ પર બેઠો હતો અને એની બાજુમાં ઓમકાર બેઠો હતો.

પાછળ, ટાટા મોબાઈલના ખુલ્લા ભાગમાં ઓમકારે એ પ્રેતનો સામનો કરવા માટે જાણે મોટી બંદૂક કે પછી નાની તોપ જેવું સાધન મૂકેલું હતું. એની પાસે જ ચાર લાંબા સળિયા- વાળા ત્રિશૂલ મુકાયેલા હતા. ઓમકારનો પાળેલો કૂતરો કાળિયો પાછળના એ ભાગમાં બેઠો હતો.

'એક મિનિટ-ગાડી ઊભી રાખ.' ઓમકારે એકદમથી જ કહ્યું, એટલે 'શું થયું ?' પૂછતાં ચંદરે મોબાઈલ ઊભી રાખી અને બારી બહાર નજર ઘેરાવી. જમણી બાજુ રસ્તાની અંદરની તરફ આવેલા મોટા ઝાડ સાથે એક જીપ અથડાયેલી પડી હતી. એ જીપ હાઈવે પોલીસની હતી !

'તું અહીં જ બેસ. હું જોઉં છું.' કહેતા ઓમકાર ટોર્ચ લઈને નીચે ઉતર્યો. આસપાસમાં સન્નાટો હતો. જીપની લાઈટો ચાલુ હતી. આનો મતલબ કે, જીપને આ અકસ્માત નડયાને વધુ વાર થઈ નહોતી !

ઓમકાર આસપાસમાં ટોર્ચનું અજવાળું ફેરવીને જોતો-સાવચેત પગલે ચાલતો જીપની નજીક પહોંચ્યો. તેણે જીપની અંદર જોયું. કોઈ નહોતું. જીપ ખાલી હતી !

'જીપને અકસ્માત નડયા પછી અહીંથી પસાર થયેલો કોઈક વાહનવાળો હાઈવે પોલીસને સારવાર માટે લઈ ગયો હશે,' એવા વિચાર સાથે ઓમકાર પોતાની ગાડી તરફ આગળ વધી જવા ગયો, ત્યાં જ તેના કાને મોબાઈલ ફોનની રિંગ પડી.

તેનું ધ્યાન જીપની સીટ પર પડેલા મોબાઈલ ફોન તરફ ગયું. તેણે મોબાઈલ ઉઠાવ્યો અને કાને ધર્યો : 'હેલ્લો !' તે બોલ્યો, ત્યાં જ મોબાઈલમાં સામેથી યશનો ગભરાટભર્યો અવાજ સંભળાયો : 'હેલ્લો ! હું...હું મુંબઈ ખંડાલા હાઈવેની અંદરની તરફ, આઠેક કિલોમીટર અંદરના રસ્તા પરથી બોલી રહ્યો છું. અમે પંદર જણાં મોટી મુસીબતમાં મુકાયેલા છીએ. અમને તાત્કાલિક મદદ જોઈએ. જો..., જો તમે તાત્કાલિક અમારી મદદે નહિ આવી પહોંચો તો એ..., એ અમને ખાઈ જશે.'

'કોણ તમને ખાઈ જશે !' ઓમકારે ઉતાવળે પૂછ્યું : 'આખરે થયું છે, શું ? !'

'તમે...' મોબાઈલમાં સામેથી યશનો અવાજ આવ્યો : 'તમે એ કહો, શું તમે પોલીસ છો ? !'

'જો ભાઈ,' ઓમકાર બોલ્યો, 'તું મારી વાત ધ્યાનથી સાંભળ. અત્યારે તું જે રસ્તા પર છે, હું પણ એ જ રસ્તા પર છું. પણ આ રસ્તો ખૂબ જ લાંબો છે. ત્યાં આસપાસમાં એવી કોઈ નિશાની છે, જેની તમે નજીક છો ?'

'અમે મોતની નજીક છીએ !' યશનો હારેલો અવાજ આવ્યો.

'તું હિંમત ન હાર. મગજ પરનો કાબૂ ન ગુમાવ.' ઓમકારે કહ્યું : 'હું તારી મદદે આવું છું. તું તારી આસપાસમાંની કોઈક એવી વસ્તુ વિશે મને જણાવ જેનાથી હું વહેલામાં વહેલી તકે તમારી મદદે પહોંચી શકું.'

'અમે...' સામેથી પળવાર પછી યશનો જવાબ સંભળાયો : '...અમે મુંબઈ-ખંડાલા મેઈન હાઈવે આઠ કિલોમીટર દૂર હોવાનું બતાવી રહેલા બોર્ડની નજીક, પંકચર પડેલી બસમાં બેઠા છીએ. નજીકમાં જ એક ફાર્મ હાઉસ દેખાય છે.'

'હું વહેલી તકે તમારી પાસે પહોંચવાનો પ્રયત્ન કરું છું.'

'તમે ....' સામેથી યશનો અધીરાઈભર્યો સવાલ સંભળાયો : '...તમે કેટલી વારમાં અહીં આવી પહોંચશો ? !'

'એ હું ચોકક્સપણે કંઈ કહી શકું એમ નથી.'

'જો...' યશનો અવાજ સંભળાયો : '...જો તમે વહેલાસર આવી નહિ પહોંચો તો તમને અમારી લાશ પણ નહિ મળે.'

'હું વહેલાસર ત્યાં પહોંચું છું.'

'તમે..તમે એકલા હો તો મદદ માટે બીજા લોકોને પણ સાથે લેતા આવજો.' મોબાઈલમાં સામેથી યશનો અવાજ સંભળાયો : 'તમે વાયદો કરો. તમે...તમે જરૂર આવશો. તમે આવશો ને ? !'

'હું આવું છું !' ઓમકારે કહ્યું : 'તમે ત્યાં જ રહેજો. ત્યાંથી ક્યાંય આઘાપાછા થતા નહિ.' અને ઓમકાર યશ સાથેની વાત પતાવીને ગાડી તરફ ચાલ્યો.

ગાડીની-ટાટા મોબાઈલની ડ્રાઈવિંગ સીટ પર બેઠેલા ચંદરે ઓમકારની વાતચીત ધ્યાનથી સાંભળી હતી.

ઓમકાર ચંદરની બાજુમાં બેઠો : 'ચાલ, ગાડી ત્યાં લઈ લે.'

'પપ્પા,' ચંદર બોલ્યો : 'ત્યાં પેલું પ્રેત જ હશે, જેણે બધાંને...'

'મને ખબર છે.' ઓમકારે ચંદરની વાત કાપતાં કહ્યું : 'ઝડપથી ગાડી એ તરફ હંકાવ.'

અને ચંદરે હિંમતનો એક ઊંડો શ્વાસ લીધો અને જ્યાં એ પંદર યુવાન-યુવતીઓની બસ ઊભી હતી, એ તરફ ગાડી હંકાવી.

ત્યારે આ તરફ, એ બસમાં, ડ્રાઈવરની સીટ પાસે ઊભેલા યશના ચહેરા પર આનંદ આવી ગયો હતો : 'એ લોકો આવી રહ્યા છે, એ લોકો આપણી મદદ માટે આવી રહ્યા છે.'

'હવે આપણે બચી જઈશું.' રોમિત રાહતભેર બોલી ઊઠયો.

'હા !' નતાશા આનંદભેર બોલી ઊઠી : 'હવે આપણે બધાં બચી જઈશું.'

'...એણે કેટલી વારમાં આવી પહોંચવાનું કહ્યું ?' ઈરફાને પૂછ્યું.

'એણે કહ્યું કે, એ વહેલામાં વહેલી તકે આવી રહ્યો છે.' યશનો આનંદ માતો નહોતો : 'તમે ચિંતા ન કરો, હવે આપણે બચી...' અને યશનું વાકય પૂરું થાય, એ પહેલાં જ જાણે આભ ફાટયું હોય એમ યશ ઉભો હતો એની ઉપરની બસની છત ફાટી અને ઉપરથી પેલા પ્રેતના બે પંજા આવ્યા અને યશને બન્ને ખભા પાસેથી પકડીને ઉપરની તરફ ખેંચ્યો.

બસમાં ચીસાચીસ મચી ગઈ.

'મને બચાવો..!' યશે જોરથી પોક મૂકતાં ચીસાચીસ કરી મૂકી : 'મને આના પંજામાંથી છોડાવો !' એટલી વારમાં તો એ પ્રેતના પંજાએ યશને એક-દોઢ ફૂટ અધ્ધર કરી લીધો. એ જ વખતે નજીકમાં જ ઊભેલા ઈરફાન અને જેકબને જાણે યશને બચાવવા માટેનું ભાન આવ્યું અને એમણે બન્નેએ યશના પગ પકડી લીધા.

બાકીનાં બધાં યુવાનો ડઘાઈ ગયા હતા. તો નેહા, સ્મિતા, શિલ્પા અને નતાશા ભયથી ચીસાચીસ કરી રહી હતી. જ્યારે લવલી યશને એ પ્રેતના પંજામાંથી છોડાવવાનો પ્રયત્ન કરી રહેલા ઈરફાન અને જેકબ તરફ જોઈ રહી હતી. ઈરફાન અને જેકબને એમાં સફળતા મળી રહી નહોતી. ઉપરથી પ્રેત યશને વધુ બળપૂર્વક ઉપરની તરફ ખેંચી રહ્યું હતું.

'રોમિત-કરન !' લવલીએ નજીકમાં જ ડઘાયેલી હાલતમાં ઊભેલા રોમિત અને કરનને બૂમ પાડી : 'તમે બન્ને પણ ઈરફાન અને જેકબને મદદ કરો, નહિતર એ પ્રેત યશની સાથે જ એ બન્નેને પણ ખેંચી જશે.'

અને રોમિત અને કરનને જાણે હવે જ ભાન આવ્યું હોય એમ એ બન્ને પણ યશને પ્રેતના પંજામાંથી છોડાવવા માટે આગળ વધી ગયા.

પણ ચારે જણાં પણ એ પ્રેતની સામે કમજોર પડી રહ્યા હતા.

યશ 'બચાવો ..બચાવો ..!'ની ચીસાચીસ કરી રહ્યો હતો. એ પ્રેત યશને વધુને વધુ અધ્ધર ખેંચી રહ્યું હતું. પ્રેતના પંજામાં યશને ખેંચાઈ જતો રોકી રાખવામાં ઈરફાન, જેકબ, રોમિત અને કરનને આંખે પાણી આવી રહ્યાં હતાં.

ત્યાં જ લવલીનું ધ્યાન નજીકમાં જ પડેલા લાંબા સળિયા તરફ ખેંચાયું. તેણે પાંચેક ફૂટ લાંબો એ સળિયો હાથમાં લીધો અને સીટ પર ચડી. તેને છત પર યશને પકડીને અધ્ધર ખેંચી રહેલું પ્રેત દેખાયું. તેણે શરીરની બધી તાકાત ભેગી કરીને એ સળિયો પ્રેતની છાતીમાં ખુંપાડયો અને પાછો ખેંચી કાઢયો.

પ્રેતના ભયાનક ચહેરા પર પીડા આવી નહિ અને એણે યશને છોડયો પણ નહિ. હવે લવલીએ હાથમાં રહેલો સળિયો ભાલાની જેમ જોરશોરે એ પ્રેતના ચહેરા તરફ ઠેકી દીધો. સળિયો પ્રેતની ડાબી આંખમાં આરપાર ઘૂસી ગયો અને માથાની પાછળથી એકાદ ફૂટ જેટલો બહાર નીકળી ગયો.

હવે પ્રેતે યશને છોડી દીધો.

આ સાથે જ યશ ધબ્ કરતાં ઈરફાન, જેકબ ને રોમિત તેમ જ કરન સાથે બસની અંદર પટકાયો. બધાં ઝડપભેર ઊભા થયાં અને બસની પાછળની તરફ હટયા. લવલી પણ પાછળ હટી.

હવે અહીંથી કોઈનેય ઉપર રહેલું એ પ્રેત દેખાતું નહોતું. બધાં ફફડતાં જીવે, કંપતાં શરીરે બસની એ ફાટેલી છતની બહાર દેખાઈ રહેલા આકાશ તરફ તાકી રહ્યા.

જેકબ સહુથી આગળ ઊભો હતો. તેણે બાજુમાં ઊભેલા ઈરફાન સામે જોયું. 'હું જોઉં છું,' જેકબે કહ્યું, અને તેણે આજુ-બાજુની સીટ પર બન્ને પગ મૂકયા અને અધ્ધર થયો. તેને છત પર થોડક આગળ ઊભેલું પ્રેત દેખાયું. પ્રેત પોતાની આંખની આરપાર ખૂંપેલો સળિયો કાઢી રહ્યો હતો.

બીજી જ પળે એ સળિયાની સાથે જ પ્રેતનો અડધો ચહેરો પણ ખેંચાઈ આવ્યો.

જેકબના શરીરમાંથી કંપારી પસાર થઈ ગઈ. તે સીટ પરથી ઊતરી આવ્યો.

'..શું થયું ?' ઈરફાને પૂછ્યું.

'સળિયા સાથે એનો અડધો ચહેરો છૂટો પડી ગયો !'

ઈરફાન પળવાર જેકબ તરફ જોઈ રહ્યો, પછી તે આગળ વધ્યો. તેણે આજુબાજુની બન્ને સીટ પર પગ મૂકયા અને અધ્ધર થઈને બસની છત તરફ નજર ઘેરાવી.

છત પર ઊભેલા અડધા ચહેરાવાળા પ્રેતે, હાથમાં ઓલો પોતાના અડધા ચહેરા સાથેનો સળિયો દૂર ઠેકી દીધો અને પળવારમાં જ ચામાચીડિયાની જેમ આકાશમાં ઊડયું અને અંધારામાં ગૂમ થઈ ગયું.

ઈરફાન સીટ પરથી નીચે ઊતર્યો. તેણે બધાં સામે જોયું : 'એ પ્રેત ઊડી ગયું !'

પણ ઈરફાનની આ વાત સાંભળીને કોઈના ચહેરા પર રાહત આવી નહિ. બધાંના ચહેરા પર એક જ વાત ડોકાતી હતી, 'એ પ્રેત ભલે ઊડી ગયું, પણ હમણાં પાછું આવશે !'

ધમ્ ! જોરદાર અવાજ સાથે બસની છત પર કોઈ વજનદાર વસ્તુ પડી ને બસ હલબલી જવાની સાથે જ બારીના અમુક કાચ તૂટી પડયાં. બધાંએ એકબીજા સાથે ટકરાતાં, સીટ સાથે અથડાતાં-કૂટાતાં ચીસાચીસ કરી મૂકી.

બસ હલબલતી બંધ થઈ. ફરી સન્નાટો છવાઈ ગયો. ફરી પાછા બધાં ઊભાં થવા માંડયા.

જેકબે ઈરફાન સામે જોયું.

'હું જોઉં છું !' કહેતાં ઈરફાન સીટ પર ચઢયો અને છત પર નજર નાંખી. છત પર અડધા માથાવાળું પ્રેત પડયું હતું ! જરાય હાલ્યા-ચાલ્યા વિના !

ઈરફાન હિંમત જાળવી રાખતાં પ્રેત તરફ જોઈ રહ્યો. પ્રેતમાં કોઈ હીલચાલ વર્તાઈ નહિ.

તે સીટની નીચે ઊતર્યો : 'ઉપર પ્રેત કોઈ મડદાંની જેમ પડયું છે.'

'...શું એ ખતમ થઈ ગયું ?' નતાશાએ ફફડતા અવાજે પૂછ્યું.

'મને ખબર નથી.' ઈરફાન બોલ્યો, ત્યાં જ રોમિતે કહ્યું : 'આ એક મોકો છે. આપણે બસની બહાર નીકળીને સામેના ફાર્મ-હાઉસમાં ચાલ્યા જવું જોઈએ.'

'હા-હા !' કહેતાં અનૂજ અને કરન દરવાજા તરફ આગળ વધી ગયા. મનજીત અને નતાશા પણ દરવાજા તરફ આગળ વધી ગયાં.

દરવાજાની સ્ટોપર ખુલ્લી જ હતી. અનૂજે દરવાજો ધકેલ્યો, પણ દરવાજો ખુલ્યો નહિ. 'કરન તું પણ જોર લગાવ.' અનૂજે કહ્યું, એટલે કરને જોર લગાવ્યું, પણ દરવાજો ટસથી મસ થયો નહિ.

'બાજુ પર હટો. મને ખોલવા દો.' કહેતાં રોમિતે દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો. લવલી એકીટશે જોઈ રહી. બાકીના બધાં પણ જોઈ રહ્યાં.

રોમિત સામેય દરવાજાએ મચક આપી નહિ. 'આ સ્ટોપર ખુલ્લી છે, છતાંય દરવા